ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શાકભાજીના ભાવ આસમાને

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં ચોમાસાની સિઝનની શરૂઆત થતા શાકમાર્કેટમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. થોડાક દિવસો અગાઉ ૨૦ થી ૩૦ રૂપિયે કિલો મળતા શાકભાજી અત્યારે હાલ ૬૦થી ૧૦૦ રૂપિયે કિલોના ભાવે મળે છે. શાકભાજીના ભાવ આસમાને જતાં ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાયું છે ત્યારે આદુના ભાવમાં પણ ત્રણ ગણો વધારો થતાં આદુ બજારમાં ૨૦૦ રૂપિયે કિલો વેચાય છે. સ્વાદે તીખુ છતાં અનેક રીતે ગુણકારી આદુ મોંઘુ થતાં હવે મધ્યમ વર્ગને આદુવાળી ચા પણ ફીક્કી લાગે તેવી સ્થિતિ છે.

ચોમાસાની ઋતુની શરૂઆત થઈ છે. શહેરમાં બે ત્રણ ઝાપડા પડ્યા છે. ત્યાં જ શહેરના શાકમાર્કેટના વેપારીઓએ શાકભાજીના ભાવમાં ધરખમ વધારો કર્યો છે. શહેરમાં વિવિધ જગ્યાએ આવેલા શાકમાર્કેટમાં થોડા દિવસ અગાઉ ચોળી, રવૈયા, ગવાર, પરવર, ફુલાવર, કોબી, ટીંડોળા, રીંગણ, ડુંગળી, બટાકા સહિતના શાકભાજી ૨૦ થી ૪૦ રૂપિયે કિલોના ભાવે મળતા હતા. પરંતુ અચાનક વેપારીઓ દ્વારા કરવામાં આવેલા ભાવ વધારા બાદ આ શાકભાજી અત્યારે હાલના સંજોગોમાં ૬૦ થી ૧૦૦ રૂપિયા કિલોના ભાવે વેચાય છે. જ્યારે આ ભાવ વધારો ખેડૂતોએ કર્યો છે કે વેપારીઓએ ? ગૃહિણીઓનું શાકભાજીના ભાવ વધતા તેમનું બજેટ પણ ખોરવાઈ ગયું છે. વધુમાં ગુણકારી આદુ બજારમાં મહિના પહેલા ૫૦ થી ૬૦ રૂપિયાના ભાવે વેચાતુ હતુ તે હવે ૨૦૦ રૂપિયે કિલો વેચાય છે. આદુના ભાવમાં ધરખમ ભાવ વધારો થતાં આદુના વેપારમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. આદુવાળી ચા પીવા ટેવાયેલા શહેરીજનોને પણ આદુનો ભાવ જોતા હવે આદુવાળી ચા પીવાનું મુશ્કેલ બન્યું છે.

**આદુ બસ્સો રૂપિયે કિલો**

**શાકભાજીના ભાવ**

| | |
|---|---|
| ટીંડોળા | ૮૦થી ૧૪૪ |
| ચોળી | ૮૦થી ૧૦૦ |
| કાળા ભુટ્ટા | ૬૦ |
| રવૈયા | ૪૦ |
| ડુંગળી | ૨૦ |
| બટાકા | ૨૦ |
| ટમેટા | ૪૦થી ૬૦ |
| ગવાર | ૬૦ |
| આદુ | ૨૦૦ |
| લસણ | ૬૦ |
| પરવર | ૮૦ |
| ફ્લાવર | ૧૨૦ |



ચોમાસાની સીઝનમાં વરસતા વરસાદમાં પલળી ગરમાગરમ મકાઈ ખાવાની લિજ્જત જ કંઈક અલગ છે. વરસાદની સીઝન શરૂ થતાં જ ઠંડા પીણા-સોડાની લારીઓની જગ્યા મકાઈની લારીઓએ લઈ લીધી છે. માર્ગો પર ઠેર ઠેર બાફેલી-શેકેલી મકાઈ વેચતી લારીઓ નજરે પડે છે. જાંબુ, કેળા, ખારેક જેવા સિઝનલ ફ્રુટની લારીઓ પણ નજરે પડી રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# સે. ૨માં સફાઈ અભિયાન એક દિવસ લંબાવાયું !

## સતત બીજે દિવસે ૧૦૦ ટનથી વધુ કચરાનો નિકાલ કરાયો : રૂ. ૧૨૦૦ જેટલો વહીવટી ચાર્જ પણ તંત્ર દ્વારા વસુલાયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સે. ૨માં પ્રાયોગિક ધોરણે હાથ ધરાયેલ સફાઈ અભિયાન વધુ એક દિવસ લંબાવવાનો નિર્ણય આજે કોર્પોરેશનના સત્તાવાળાઓએ કર્યો છે.

સે. ૨માં ગઈકાલથી હાથ ધરાયેલ સફાઈ અભિયાન આમ તો બે દિવસ માટેનું હતું પરંતુ કચરાની માત્રા મોટી નીકળતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે. આજે બીજે દિવસે પણ ૧૦૦ ટનથી વધુ કચરાનો નિકાલ તંત્ર દ્વારા કરવામાં આવ્યો હતો તેમજ સફાઈ ઝુંબેશ અભિયાન વધુ એક દિવસ માટે લંબાવવાનો નિર્ણય કર્યો છે.

ગઈકાલે તંત્રએ ૧૩૧ ટન જેટલો કચરાનો નિકાલ કર્યો હતો તો આજે વધુ ૧૦૦ ટન જેટલો કચરો સાફ કર્યો હતો. મળતી વિગતો પ્રમાણે આજે કોર્પોરેશનના સત્તાવાળાઓએ ૨૫ જેટલા વસાહતીઓને નોટીસ પણ આપી છે અને રૂ. ૧૨૦૦ જેટલો વહીવટી ચાર્જ સ્થળ પર જ વસુલ કરેલ છે.

ગાંધીનગર શહેરને સ્વચ્છ બનાવવા માટે તંત્રએ બીડુ ઝડપ્યું છે પરંતુ આંતરિક સફાઈના નામે મીંડુ નીકળતાં હવે તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે અને સફાઈની કાર્યયોજના નવેસરથી તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ છે.

સફાઈના મુદ્દે છેલ્લા બે વર્ષથી સ્ટેન્ડીંગ કમિટીમાં સતત રજુઆતો થઈ રહી છે પણ સત્તાવાળાઓની ઉદાસીનતા હવે સ્પષ્ટ જણાઈ રહી છે. આ સફાઈ અભિયાનના બીજા દિવસે પણ ચૂંટાયેલા પદાધિકારીઓ માત્ર ઉડતી મુલાકાત લઈ ગયા હતા પરંતુ તેનું મોનીટરીંગ કર્યુ ન હતું. સફાઈની કામગીરીના અસરકારક મોનીટરીંગની માંગ સાથે આજે કોંગ્રેસના સભ્યો સામાન્ય સભામાં હોબાળો મચાવે તેવી શક્યતાઓ છે.

# આજથી શહેરી કક્ષાનો શાળા પ્રવેશોત્સવ ૧૩૪ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાશે

## શહેરની ૭ શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટ મુકાશે બે શાળામાં વોટર કુલર : આંગણવાડીના બાળકોને રમકડાંની કીટ અપાશે

ગાંધીનગર, તા. ૧૯

શહેરની સરકારી શાળાઓમાં આજથી પ્રવેશોત્સવનો કાર્યક્રમ હાથ ધરાશે. શહેરની ૩૪ પ્રાથમિક શાળાઓ તેમજ ૨૮ આંગણવાડીઓમાં બાળકોને પ્રવેશ અપાશે. ધો. ૧માં ૧૨૦૬ જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે. જ્યારે ૧૩૪ વિદ્યાર્થીનિઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે.

પ્રારંભિક શૈક્ષણિક સત્ર દરમિયાન જિલ્લા કક્ષાએ શાળા પ્રવેશોત્સવની કાર્યવાહી હાથ ધરાયા બાદ હવે શહેરી વિસ્તારની સરકારી શાળાઓમાં પ્રવેશોત્સવનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. તા. ૨૦ થી ૨૨ જૂન દરમિયાન પ્રવેશોત્સવ અન્વયે ધો. ૧ માં શહેરની ૩૪ સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૨૦૬ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે. આ દરમિયાન ૨૮ આંગણવાડીઓમાં પણ ૩૭૫ બાળકોને પ્રવેશ આપવામાં આવશે. આ તબક્કે પ્રત્યેક બાળકને સુખડીનું વિતરણ કરવામાં આવશે. જ્યારે આંગણવાડીનું પગથિયુ ચઢતા બાળકોને રમકડાંની કીટ પણ અપાશે. શાળા પ્રવેશોત્સવના ત્રિદિવસીય કાર્યક્રમ દરમિયાન વનતંત્ર દ્વારા તમામ શાળાઓમાં ટ્રી-ગાર્ડ આપવામાં આવશે. સરગવા તેમજ અન્ય ફળાવ વૃક્ષોનો ઉછેર કરવામાં આવશે. કોર્પોરેશન દ્વારા શહેરની ૭ શાળાઓમાં વિદ્યાર્થીઓને પીવાનું શુદ્ધ

● અનુસંધાન પાન-૭ પર

જન્મદિન આપકો મુબારક હો...

Happy Birthday

તુમ જીઓ હજારો સાલ સાલકે દિન હો પચાસ હજાર



દવે કામેશ

જન્મ તા. ૨૦/૬/૨૦૧૨

દવે ઉર્વશીબેન (મમ્મી) દવે દિપકકુમાર (પપ્પા)

દાદા દાદી

નાના નાની

# રાંધણગેસનો ભાવ વધતા નગરજનોને પ્રતિદીન રૂપિયા એક લાખનો બોજ!!

## શહેરી વિસ્તારમાં ૪૦ હજાર પી.એન.જી. ધારકો દરરોજ ૨૫ હજાર ક્યુબીક મીટર વપરાશ : ભાવ વધારા સામે આક્રોશ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં ૪૦ હજાર જેટલા પી.એન.જી. ગેસ ધારકો છે. જયારે પી.એન.જી. ગેસમાં પ્રતિ ક્યુબીક મીટર રૂ. ૪નો વધારો થતા નગરજનોને પ્રતિદીન રૂ. ૧ લાખનો આર્થિક બોજ સહન કરવો પડશે. શહેરમાં દરરોજ ૨૫ હજાર ક્યુબીક મીટર રાંધણ ગેસનો વપરાશ થાય છે.

સી.એન.જી. અને પી.એન.જી. ગેસના ભાવ વધારામાં સતત વધારો થતા કારમી મોંઘવારીમાં મધ્યમવર્ગે વધુ એક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે. જી.એસ.પી.સી. દ્વારા ફરી એકવાર સી.એન.જી. અને પી.એન.જી. ગેસમાં ભાવ વધારો

● અનુસંધાન પાન-૭ પર

# સરગાસણ ચોકડી નજીક દુર્ગંધથી રહીશો પરેશાન

## સરગાસણ પમ્પીંગ સ્ટેશન નજીક કેટલાક તત્વો ફાઈટર દ્વારા ગંદુ પાણી ખેતરોમાં પહોંચાડે છે જેના કારણે ભયંકર દુર્ગંધ ફેલાય છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક સરગાસણ ચોકડી પાસે ફાઈટર દ્વારા ગટરનું ગંદુ પાણી આસપાસના ખેતરોમાં પહોંચાડવાની પ્રવૃત્તિ છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે. જેના કારણે ફેલાતી દુર્ગંધથી વસાહતીઓ પરેશાન છે. આ અંગે અનેકવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં આ



(તસવીર : દિપક જાની)

ફરિયાદ અંગે તંત્ર ગંભીર થતુ જ નથી અને આ સમસ્યાનો ઉકેલ ન આવતા વસાહતીઓના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે.

ગાંધીનગર-સરખેજ હાઈવે પર સરગાસણ ચોકડી આસપાસ છેલ્લા કેટલાક વર્ષોમાં રહેણાંક વસાહતોની સંખ્યા વધી છે. નવા બનેલા ફ્લેટ, ટેનામેન્ટ્સમાં અનેક વસાહતીઓ રહેવા પણ આવી ગયા છે. અહીંના સુંદર અને શાંત વાતાવરણને જોઈને અહી રહેવા આવેલા વસાહતીઓ દરરોજ સવાર-સાંજ ફેલાતી તીવ્ર દુર્ગંધથી પરેશાન છે. સરગાસણ ચોકડી પાસે પમ્પીંગ સ્ટેશનની આસપાસના ખેતરોવાળા ફાઈટર દ્વારા ગટરનું ગંદુ પાણી કાઢી ખેતરમાં નાંખે છે. જેના કારણે ખુબ જ ગંદકી અને ગંદા પાણીની દુર્ગંધ ફેલાય છે. સવારે અને સાંજે દુર્ગંધ ખુબ વધી જાય છે. સાંજે તો એટલી તીવ્ર વાસ આવે છે કે અહીંથી પસાર થવું પણ મુશ્કેલ બને છે. અહીં રહેતા વસાહતીઓને આખો દિવસ નાછુટકે બારીબારણા બંધ રાખવા પડે છે. અહીં રહેણાંક વસાહત વધતા આ પ્રવૃત્તિને અટકાવવા અનેકવાર પાટનગર યોજના વિભાગને રજુઆત કરવામાં આવી છે. પરંતુ તંત્રના બહેરા કાને આ ફરિયાદ જાણે પહોંચતી જ નથી. તાત્કાલિક આ પ્રશ્નનો ઉકેલ લાવવા રજૂઆત કરવામાં આવી છે.

# કથ્થકમાં માસ્ટર્સ ડિગ્રી હાંસલ કરનાર ગાંધીનગરના પ્રથમ નૃત્યાંગના જયતિ બ્રહ્મભટ્ટ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના કથ્થક નૃત્ય વિશારદ નૃત્યાંગના જયતિ બ્રહ્મભટ્ટે માસ્ટર્સ ઈન પરફોર્મિંગ આર્ટસ (કથ્થક)ની ડિગ્રી હાંસલ કરી છે. સમગ્ર રાજ્યમાં માત્ર ૫ નૃત્યકારોએ આ ડિગ્રી હાંસલ કરી છે, તેમાં પણ ગાંધીનગરના તેઓ પ્રથમ નૃત્યાંગના છે જેમણે બે વર્ષના અભ્યાસક્રમ પછી આ સફળતા મેળવી છે.

ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ અને સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કર્યા પછી અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી અંગ્રેજી સાહિત્ય સાથે અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કરનાર જયતિ બ્રહ્મભટ્ટે ગાંધીનગરના કલાગુરૂ શ્રીમતી કુમુદબેન ભટ્ટ પાસેથી કથ્થક નૃત્યમાં વિશારદ સુધીનું જ્ઞાન મેળવીને ગાંધીનગરના ટાઉનહોલમાં કથ્થકની અભૂતપૂર્વ રજૂઆત કરી હતી. કથ્થકમાં વિશેષ અભ્યાસ કરવા તેમણે ગુજરાત યુનિવર્સિટીમાં માસ્ટર્સ ઈન પરફોર્મિંગ આર્ટસ (કથ્થક) માટે પ્રવેશ પરીક્ષા આપી હતી, જેમાં માત્ર ૭ તાલીમાર્થીઓ પસંદગી પામ્યા હતા.



અમદાવાદમાં કલાગુરૂ શ્રીમતી ઈશીરા પરીખ અને પંડિત બિરજુ મહારાજના શિષ્યા સુશ્રી શાસ્વતી સેનના માર્ગદર્શન હેઠળ જયતિ બ્રહ્મભટ્ટે બે વર્ષ સુધી કઠોર તાલીમ મેળવી હતી. ૭ તાલીમાર્થીઓમાંથી પાંચ તાલીમાર્થીઓએ સફળતાપૂર્વક આ અભ્યાસ પૂર્ણ કર્યો છે. તેમાં પણ ગાંધીનગરમાંથી તો જયતિ બ્રહ્મભટ્ટ પહેલા અને એકમાત્ર તાલીમાર્થી છે. જેમણે શાસ્ત્રીય નૃત્યમાં માસ્ટર્સ ડિગ્રી હાંસલ કરી છે.

કથ્થકના વિકાસ માટે અને અભ્યાસ અર્થે જયતિ બ્રહ્મભટ્ટ ગાંધીનગરમાં 'કલાઘાટ' નામની સંસ્થા દ્વારા કથ્થક નૃત્યની વિશેષ તાલીમ આપી રહ્યા છે.




SANGHI CEMENT

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500

TMT BARS - ISI

ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત

તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ







**નોટીસ**

સાંચા કામ સબબે તારીખ ૨૨-૬-૧૩, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. રોહીદાસ ટેમ્પલ S/S
૨. સાંઈ (સેક્ટર-૧૫) S/S
૩. ગર્વમેન્ટ પ્રેસ ઓવર હેડ

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ફોન - ૨૩૨૨૨૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com